# ગિફ્ટ અને ધોલેરા સિટી પ્રોજેક્ટ કેન્દ્ર રાજયનો મુખ્ય એજન્ડા

## ગ્લાબલ વાયબ્રન્ટ સમિટ પછી ઉદ્યોગ ભવનમાં પગ મૂકી શકાતો નથી

ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી અને અમદાવાદ પાસે ધોલેરાને સેટેલાઈટ સિટી આકાર લઈ રહ્યું છે.

## ધીરૂભાઈ-જેમણે વિશ્વમાં છવાઈ જવાના સપના જોયા ને સિદ્ધ પણ કર્યા

આ બન્ને સિટીના ડેવલપમેન્ટ માટે બે લાખ કરોડના મૂડીરોકાણનો કેન્દ્ર અને રાજય બન્નેનો આ મુખ્ય એજન્ડા છે. દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર-ડીએમઆઈસી વિસ્તારમાં આવતા બન્ને સ્થળોએ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ભારત સરકારે ધોલેરા સિટી અને સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિઝિયન માટે ૩૦૦૦ કરોડનું ભંડોળ આપવાનું નક્કી કર્યું છે અને

## મોદી અને વજુભાઈનું ફિલ્મ જોવાનું હંધ થયું, હવે અડવાણી જુએ છે

### ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત





વાયબ્રન્ટ સમિટમાં તેનો કરાર સાઈન થશે. ગિફ્ટ સિટીમાં સરકારે ૧૫૦૦ કરોડનું ડેવલપમેન્ટ કરી દીધું છે અને બે ટાવર કાર્યરત થઈ ગયા છે, હવે ધોલેરામાં કામગીરી શરૂ કરાશે. ધોલેરામાં એક લાખ કરોડ રૂપિયાનું રોકાણ અંદાજવામાં આવ્યું છે...

**તમને અંગ્રેજી આવડે છે, તો આવી જાવ ...**

વાયબ્રન્ટ સમિટમાં આવી રહેલા દેશ-વિદેશના મહેમાનોને સત્કારવામાં ગુજરાત સરકાર આધુનિક બની ચૂકી છે. સરકારના પ્રોટોકોલ વિભાગે ફાઈવસ્ટાર હોટલોમાં ઉતારા આપવાની વ્યવસ્થા ગોઠવી ઓફિસરોને ખડે પગે રહેવાની સૂચના આપી દીધી છે. ખાસ કરીને રાજયના સામાન્ય વહીવટ વિભાગે સરકારના પ્રત્યેક વિભાગમાં એવા આદેશ આપી દીધા છે કે જે કર્મચારીઓને અંગ્રેજી બોલતા આવડતું હોય તેમને વાયબ્રન્ટ સમિટમાં મહેમાનોને સત્કારવાની જવાબદારી સોપી દેવી, પરંતુ તે પહેલાં તેમને ફરજીયાત તાલીમ આપવી જરૂરી છે. હાલ તો વિભાગોમાં વહીવટીતંત્રના તમામ કામો પડતાં મૂકીને વિભાગોમાં બોલ-ચાલની ભાષા શિખવવામાં આવે છે...

**કોર્પોરેટ સ્ટાઇલ કાયમી ન બની શકે ...**

ગાંધીનગરના ઉદ્યોગ ભવનની વિશાળ ઓફિસ આજે નવા વાઘા સજી રહી છે પરંતુ એક મહિના પહેલાં તેની સ્થિતિ જોઈ હોય તો મુલાકાતીને

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના બસસ્ટેન્ડોને વાયબ્રન્ટ લૂક

## મુખ્યમાર્ગના બસ સ્ટોપને કલર કરી સ્ટીકરો લગાવાશે : ૫૦ બસ સ્ટેન્ડને ન્યુ લૂક આપવા કામ શરુ કરાયું

ગાંધીનગર, તા. ૨૮

સમગ્ર શહેરને સ્વચ્છ સુંદર અને રળિયામણું બનાવવા તંત્ર દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. શહેરના રોડ નેટવર્કની કાયાપલટ કરી દેવાઈ છે. જયારે હવે રસ્તાની સાથે બસ સ્ટેન્ડને પણ રંગરોગાન સાથે ન્યુ લૂક આપવામાં આવી રહ્યો છે. મુખ્ય 'ઘ' અને 'ચ' માગના ૫૦ જેટલા બસ સ્ટોપને શણગારવામાં આવી રહ્યા છે.

શહેરમાં ચકાચક રોડ નેટવર્કની આસપાસ સ્થિત બસ સ્ટોપ છેલ્લા ઘણાં સમયથી કંગાળ ભાસી રહ્યા છે. કેટલાક ઠેકાણે બસ સ્ટેન્ડ તુટેલી હાલતમાં પણ હોવાનું ધ્યાને આવ્યું છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના માર્ગો અને સેન્ટ્રલ વર્જનું બ્યુટીફીકેશન હાથ ધરવામાં આવ્યું છે. જયારે વાઈબ્રન્ટ દરમિયાન મુખ્ય માર્ગો આસપાસ સ્થિત બસ સ્ટેન્ડો પણ આકર્ષક દેખાય તે માટે હાલ કલરકામ હાથ ધરવામાં આવ્યું છે. બસ સ્ટેન્ડના કલરકામ ઉપરાંત બસ સ્ટોપનું નામ દર્શાવતા સ્ટીકરો પણ ચોંટાડવામાં આવશે. હાલના તબક્કે શહેરના મુખ્ય 'ઘ' અને 'ચ' માર્ગ પર સ્થિત બસ સ્ટેન્ડને કલરકામ કરવામાં આવશે. ૫૦ જેટલા બસ સ્ટેન્ડને ન્યુ લૂક આપવામાં આવશે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના વિવિધ માર્ગો ઉપરાંત બસ સ્ટેન્ડને પણ વાઈબ્રન્ટ લૂક આપવા એસ.ટી. તંત્ર દ્વારા કામ શરુ કરી દેવાયું છે.



# સે-૨૧ શોપિંગમાં રીસરફેસીંગના અભાવે ડામરનો રસ્તો અદશ્ય!

## મુખ્ય શોપિંગ સેન્ટરમાં પણ ખોદકામના અંતે રસ્તાઓને યોગ્ય કરવાનું કામ હાથ ધરાયું નથી

ગાંધીનગર, તા. ૨૮

સે-૨૧ શોપિંગ સેન્ટરની દશા બેઠી છે. રાત્રિના અંધારપટ્ટ છવાયેલો રહે છે. શહેરના માર્ગો પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો છે અને શોપિંગ વિસ્તારમાં રસ્તા શોધવા પડે તેવી સ્થિતિ છે. સે-૨૧માં પેટ્રોલ પંપની સામેના વિસ્તારમાં સ્થિત દુકાનો પાસેનો માર્ગ તદ્દત બદતર હાલતમાં છે. મુખ્ય શોપિંગ સેન્ટરમાં પણ ખોદકામના અંતે રસ્તાઓ ઉબડખાબડ હાલતમાં છે. વાઈબ્રન્ટના ઓવારણા લેતા તંત્રના અધિકારીઓને આ માર્ગોની દુર્દશા સુધારવાનો સમય નથી.

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ માર્ગ સુધારણા અને બ્યુટીફીકેશનના કામો હાથ ધરવામાં આવ્યા છે. કરોડોના ખર્ચે હાથ ધરાયેલી આ કામગીરીના અંતે નગરને ઉપરછલ્લું રૂપાળુ બનાવી દેવાયું છે પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારમાં અનેકવિધ સમસ્યાએ અજગર ભરડો લીધો છે. શોપિંગ વિસ્તાર પણ બદતર હાલતમાં છે. સે-૨૧ શોપિંગ સેન્ટરમાં કેટલાક રસ્તાઓનું લાંબા સમયના અંતે પણ રીસરફેસીંગ ન થતા આખે આખા રસ્તાઓ જ જાણે અદશ્ય થઈ ગયા છે. સે-૨૧માં પેટ્રોલ પંપ સામે સ્થિત દુકાનો તરફ જવાનો માર્ગ તદ્દન બિસ્માર હાલતમાં છે. જેના લીધે વેપારીઓ તેમજ મુલાકાતીઓએ પરેશાની ભોગવવી પડે છે. આ વિસ્તારમાં લાઈટો પણ નથી. સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. આ ઉપરાંત સે-૨૧ના મુખ્ય શોપિંગ સેન્ટરમાં પણ ખોદકામના અંતે માર્ગોની દશા બેઠી છે. સાંકડા અને ઉબડ ખાબડ માર્ગોનું રીસરફેસીંગ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.



# મહાનુભાવો જે માર્ગેથી પસાર થશે ત્યાં સીસીટીવી કેમેરાની નજર

## પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ સમિટ દરમ્યાન ઉપસ્થિત રહેનાર મહાનુભાવોની સુરક્ષાના કારણોસર રોડની તમામ સોસાયટી-કોમ્પલેક્ષ પર સીસીટીવી લગાડવાનો આદેશ

ગાંધીનગર, તા. ૨૮

પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ સમિટ દરમ્યાન ઉપસ્થિત રહેનાર મહાનુભાવોની સુરક્ષા બાબતે પોલીસતંત્ર એકદમ સતર્ક બની ગયું છે. તેમની સુરક્ષા માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ મહાનુભાવો જયાંથી પસાર થશે તે માર્ગો અને જયાં રહેશે તે સ્થળની આસપાસના તમામ માર્ગો અને બિલ્ડીંગો પર સીસીટીવી કેમેરા લગાવવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે.

પ્રવાસી ભારતીય દિન અને વાયબ્રન્ટ સમિટના પગલે શહેરને શણગારવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. સાથે સાથે સુરક્ષાના દષ્ટિકોણથી પણ વાયબ્રન્ટની તૈયારીઓ ચાલી રહી છે. દેશના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિત દેશ-વિદેશના મહાનુભાવો ગાંધીનગર આવવાના હોવાથી તેમની સુરક્ષા માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. મહાનુભાવોની સલામતીમાં કોઈ કસર બાકી ન રહે તે માટે પોલીસે કવાયત હાથ ધરી છે. પાકિસ્તાનમાં પેશાવરની આતંકી ઘટના બાદ પોલીસને એલર્ટ મોડ પર મુકી દેવામાં આવી છે. મહાનુભાવોની સુરક્ષા માટે કોઈ જ બાંધછોડ કરવામાં નહી આવે. નાની નાની તમામ બાબતોની કાળજી લેવામાં આવી રહી છે. જેમાં જે માર્ગ પરથી વડાપ્રધાનો કાફલો પસાર થવાનો છે તે માર્ગ પર આવેલી સોસાયટીઓ, ફલેટ્સ, કોમ્પલેક્ષ પર સીસીટીવી કેમેરા લગાવવાનો આદેશ કરી દેવાયો છે. અમદાવાદ-ગાંધીનગર હાઈવે પર ઠેર ઠેર સીસીટીવી કેમેરાઓ દ્વારા પોલીસ ૨૪ કલાક મોનીટરીંગ કરાશે. પોલીસે કેટલાક લોકોની માહિતી પણ એકત્ર કરી છે.

# યુવા સહકારી અગ્રણી હિમાંશુ પટેલના ઘરે ચોરીનો પ્રયાસ

## મધરાત્રે તસ્કર ટોળકી ત્રાટકી : પાડોશીના સીસીટીવી કેમેરામાં ટોળકી કેદ : બારીની ગ્રીલ તોડીને તસ્કરો મકાનમાં ઘુસવા જતાં હતા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતાની સાથે જ તસ્કર ટોળકીઓ સક્રીય થવા લાગી છે. ગઈ રાત્રે સેકટર-૨ ખાતે રહેતા યુવા સહકારી અગ્રણી હિમાંશુ પટેલના મકાનને તસ્કર ટોળકીએ નિશાન બનાવ્યું હતું. પરંતુ ટોળકી બારીની ગ્રીલ તોડીને અંદર ઘુસવા ગઈ તેટલામાં મિત્રના ત્યાંથી હિમાંશુ પટેલનો દિકરો ઘરે પરત ફર્યો અને તેને જોઈને ટોળકી નાસી ગઈ હતી. ચોરીના પ્રયાસ અંગે સેકટર-૭ પોલીસે ગુનો દાખલ કરી પીએસઆઈ વી.યુ. ગડરીયાએ તપાસ શરુ કરી છે.

મળતી વિગતો મુજબ શહેરના સેકટર-૨-ડી, પ્લોટ નં. ૧૦૯૩ ખાતે રહેતા યુવા સહકારી અગ્રણી, કોંગ્રેસ પ્રદેશ મંત્રી અને ગુજરાત યુનિવર્સિટીમાં સિન્ડીકેટ સભ્ય ડૉ. હિમાંશુ પટેલના મકાનમાં ગઈ રાત્રે તસ્કરો ત્રાટકયા હતાં. હિમાંશુ પટેલ મધરાત્રે નિંદ્રાધીન હતા ત્યારે ત્રાટકેલી ટોળકીએ તેમના મકાનની બારીની ગ્રીલ તોડી નાંખી હતી અને અંદર પ્રવેશવાનો પ્રયત્ન કરી રહ્યા હતાં. જો કે હિમાંશુ પટેલનો દિકરો મિત્રના ઘરે ગયો હતો. તે જ સમયે રાત્રે ઘરે પરત ફરતા વાહનની લાઈટ જોઈ તસ્કર ટોળકી ભાગી ગઈ હતી. પાડોશીના ઘરે લગાડેલા સીસીટીવી કેમેરામાં ટોળકી કેદ થઈ ગઈ છે. આ ચોરીના પ્રયાસ અંગે હિમાંશુ પટેલની ફરિયાદના આધારે સે-૭ પોલીસે ગુનો દાખલ કરીને સીસીટીવી કેમેરાનાં ફુટેજ મેળવી તસ્કર ટોળકી પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.



તડકાની હૂંફ - શિયાળાની કડકડતી ઠંડી અને પવનથી હૂંફ મેળવવા પક્ષીઓ પણ તડકાની શોધમાં હરતા-ફરતા હોય છે... સૂર્યોદયથી બે-ત્રણ કલાક સુધી પક્ષીઓ ઠંડી ઉડાડવા સૂર્યના તાપથી ઉષ્મા મેળવે છે... અબોલ પશુ-પંખીઓ ઠંડીથી રક્ષણ મેળવવા હૂંફાળા વાતાવરણની શોધમાં હોય છે... જયાં હૂંફાળુ વાતાવરણ મળે ત્યાં આ પક્ષીઓ પોતાનું વિરામ સ્થાન બનાવી દે છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# થર્ટી ફર્સ્ટે પીધેલી હાલતમાં ફરતા નબીરાઓની ખેર નથી

## પોલીસ શહેરનાં પ્રવેશ દ્વારો પર નાકાબંધી કરીને બ્રીથ એનેલાઈઝર સાથે ઉભી રહી જશે

ગાંધીનગર, તા. ૨૮

નવું વર્ષ ૨૦૧૫નું આગમન થઈ રહ્યું છે ત્યારે વર્ષ ૨૦૧૪ની વિદાય માટે યુવાનો ડી.જે. મસ્તી કરીને થર્ટી ફર્સ્ટે ભવ્ય આતશબાજી કરતાં હોય છે તો બીજી તરફ કેટલાક નબીરાઓ થર્ટી ફર્સ્ટ માત્ર દારૂની મહેફીલ માણીને શહેરના માર્ગો પર ધુમ સ્પીડે વાહન ચલાવી ઉજવણી કરતાં હોય છે. આવા તત્વોને કાબુમાં રખવા ગાંધીનગર પોલીસે પ્લાન ઘડી કાઢયો છે.

થર્ટી ફર્સ્ટ ડીસેમ્બરે ગાંધીનગર શહેરની આસપાસના પાર્ટી પ્લોટ તથા ફાર્મ હાઉસ જયાં ડી.જે. નાઈટનું આયોજન થવાનું છે ત્યાં કોઈ દારુના નશામાં ઘુસે નહીં તે માટે આયોજકને પહેલેથી જ ધ્યાન રાખવા પોલીસે મંજુરી પહેલા સુચના આપી દીધી છે. તે ઉપરાંત શહેરના રસ્તાઓ તથા પ્રવેશદ્વારો પર પોલીસની વિવિધ ટુકડીઓ ઉભી રહેશે અને આવતા-જતાં તમામ યુવકોનું બ્રીથ એનેલાઈઝર વડે ટેસ્ટીંગ કરવાની પણ વિચારણા ચાલી રહી છે. બેફામ બાઈકો દોડાવતા શખ્સોને પણ કાબુમાં રાખવા પોલીસ સક્રીય રહેશે. તે ઉપરાંત ખાનગી ડ્રેસમાં મહિલા પોલીસને પણ ડી.જે. નાઈટમાં છેડતીનાં બનાવો ન બને તે માટે વોચ પર રાખવામાં આવશે આ રાત્રે કોઈ અનિચ્છનીય બનાવ બને તેનું ખાસ ધ્યાન પોલીસ દ્વારા રાખવામાં આવશે.

# રાજયકક્ષાના ગણિત-વિજ્ઞાન મેળામાં જિલ્લાની દસ કૃતિ રજૂ થશે

ગાંધીનગર, તા. ૨૮

રાજયકક્ષાના ગણિત-વિજ્ઞાન મેળામાં ગાંધીનગર જિલ્લાની દસ કૃષિઓ રજૂ થવા પામી છે.

દ.ગુજરાતમાં સુરત ખાતે યોજાયેલ આ પ્રદર્શનમાં પ્હાડબાઈની મુવાડી, વરદાયિની પ્રા.શાળા રૂપાલ, ભાવપુરા, જી.ઈ.બી. પ્રા. શાળા ગાંધીનગર, રણછોડપુરા, સાણોદા અને લવારપુરના બાળકોની કૃતિઓ આ મેળામાં રજુ થઈ છે.

વિશ્વના અસ્તિત્વને ટકાવવા માટે વિજ્ઞાન અને ગણિતને લઈ રાજયકક્ષાએ યોજાયેલ આ પ્રદર્શન ત્રિ-દિવસિય છે. આજે રાજયના શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા તેને વિધિવત્ રીતે ખુલ્લો મૂકશે. ૨૯, ૩૦, અને ૩૧ ડિસેમ્બરના રોજ આ પ્રદર્શન જાહેર જનતા માટે પણ ખુલ્લુ રહેશે.


અશ્રુભીની શ્રદ્ધાંજલિ



આર. કે. શાહ

જીવન એવું જીવી ગયા કે ભુલશું નહીં, વિદાય એવી લીધી કે અમે કદી વિસરશું નહિં, છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ આપની અણધારી થઈ વિદાય યાદ અમારા દિલમાં રહેશે સદાય પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના...

◆જી. સુબ્બારાવ ◆અશોક ભાટીયા ◆અશોક નારાયણ
◆સંદીપ દવે ◆નરેન્દ્ર શાહ ◆હરેન્દ્રસિંહ જાદવ
◆દર્શન ઠાકર ◆જસવંત ગાંધી ◆જે. એન. ચંપાવત

ગાંધીનગર જીમખાના પરિવાર, સેક્ટર-૧૯

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી 93 761 80003 93 288 9 3535 89 80 10 1515

મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

અક્ષી
રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com